CENTRE FOR BANKING RESEARCH, DEVELOPMENT & EXCELLENCE
CBRDE

GUJARAT URBAN CO-OPERATIVE BANKS FEDERATION
Co-operative Banks Bhavan, Near Jaihind Press, Ashram Road, Mithakhali Under Bridge, Ahmedabad-380009.
Phone : 079-26589159, 26589179, Fax : 079-26584901 E-mail : gujfed@gmail.com, Web : www.gujfed.com

PROUDLY® CO-OPERATIVE

ક્રમાંક:જીયુસીબીએફ/૪૪/૫૫૮ તા.૧૩/૧૨/૨૦૧૮

**શ્રીમતી ડૉ. ભારતીબેન શિયાળ**
**માનનીય સંસદ સભ્યશ્રી,**

**વિષય:-સહકારી બેન્કોને લગતું ઈન્કમટેક્ષ ડીડકશન પરત ખેંચવા અંગે.**

**આદરણીયશ્રી,**

આપ જાણો છો તે મુજબ ગુજરાતની સહકારી બેન્કો છેલ્લા ૧૦૦ વર્ષથી ગુજરાતમાં આર્થિક સેવાઓ આપી રહેલ છે. રણુંજ, હારીજ, જંબુસર, ભાદરણ, લાઠી, લાખવડ જેવા નાના સેન્ટરમાં રહેલી બેન્કો પ્રમાણમાં ખૂબ જ નાની છે પણ તે બેન્કો નાના ગામમાં **"આર્થિક પાવર હાઉસ"** જેવું કામ કરી રહી છે. આવી નાની બેન્કો એ મધ્યમ વર્ગ અને નબળા વર્ગના લોકો માટેની બેન્કો છે અને સ્વબળે પોતાના નાના ગામ/ટાઉનના સભાસદોના ફંડથી ચાલી રહેલ છે.

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, બેન્ક ઓફ બરોડા, દેના બેન્ક જેવી **"સરકારી બેન્કો"** એચ.ડી.એફ.સી, આઈ.સી.આઈ.સી.આઈ. જેવી ખાનગી અને મોટી બેન્કોની સામે પણ પોતાના ગામમાં મોટી હરીફાઈનો સામનો કરી રહેલ છે.

**સરકારી બેન્કોને** ટકાવી રાખવા પ્રતિવર્ષ ભારત સરકારના નાણાં મંત્રાલય દ્વારા અબજો રૂપિયાનો સપોર્ટ આપવામાં આવે છે. જયારે દેશની સહકારી સહકારી બેન્કો સ્વભંડોળથી સ્વબળે ચાલી રહેલ છે.

ગુજરાતની ૨૨૦ જેટલી શહેરી સહકારી બેન્કો, ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેન્ક ની સાથે સંલગ્ન ૧૮ ડીસ્ટ્રીકટ બેન્કોને ઐતિહાસીક રીતે વર્ષોથી આવક વેરા ધારાની કલમ ૮૦-પી નીચે ડીડકશન મળતું હતું જેના કારણે નાની નાની બેન્કોને ઈન્કમ ટેક્ષ લાગતો ન હતો. પરંતુ ૨૦૦૬ ની સાલમાં કોંગ્રેસ સરકારના નાણાંમંત્રી પી. ચિદંમ્બરે આ ડીડકશન પરત ખેંચતા નાની નાની સહકારી બેન્કો, ખેત ધિરાણ કરતી ડીસ્ટ્રીકટ બેન્કો તમામને આવકવેરો ભરવાનું શરૂ થઈ ગયેલ છે.

મોટાભાગે ખેડૂતો અને મધ્યમ વર્ગના લોકો માટે કામ કરતી આ સહકારી બેન્કો ૩૩.૯%(ટકા) જેટલો આવકવેરો ભરે છે, આથી તે બેન્કના ભવિષ્યના ડેવલપમેન્ટ માટે નફો રહેતો નથી અને નફાના અભાવે રીઝર્વ વધતાં નથી અને તેના કારણે આ બેન્કોનો વિકાસ રૂંધાઈ રહ્યો છે.

આપશ્રી લોકસભા/રાજયસભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરો છો અને ગુજરાતની અર્બન કો-ઓપ. બેન્કોની તમામ ગતિવિધિઓથી પરિચિત છો ત્યારે સહકારી બેન્કીંગ ક્ષેત્રની અમારી આ નાની માંગણી પૂરી કરવામાં આપ મદદરુપ થશો તેવી અપેક્ષા રાખું છું.

ભારતીય જનતા પાર્ટીએ ૨૦૦૯ ના ચુંટણી ઢંઢેરામાં પણ ૮૦-પી કલમનું ડીડકશન આપવાની વાત મુકવામાં આવેલ હતી. ઉપરાંત ભારતીય જનતા પક્ષને ગુજરાત અને કેન્દ્રમાં સત્તા સ્થાને લાવવામાં સહકારી ક્ષેત્રએ મોટું યોગદાન આપેલ છે. આપ આ બધી હકીકતો ધ્યાનમાં લઈ આગામી બજેટમાં આવકવેરાની કલમ ૮૦-પી મુજબ સહકારી બેન્કોને આવકવેરામાં ડીડકશન મળે તે માટે આ સહ સામેલ પત્રના મુસદ્દા મુજબ ભારત સરકારના નાણાંમંત્રી શ્રી અરૂણ જેટલીજીને પત્ર લખી અમારી રજુઆતને ધ્યાનમાં લઈ કાર્યવાહી કરશો તેવી ફરીથી આપને વિનંતી છે.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ**

**(જયોતીન્દ્ર મહેતા)**
**ચેરમેન**

બિડાણ:- ઉપર મુજબ. D:\૨૦૦૪-૦૫\Word\Gujarati\૮૦P૧.doc-૯